**અગ્રતા ક્રમ :** **૨૦**

**પ્રશ્ન ક્રમાંક :** **૧૫/૪/૩૪**

**તા.૦૨/૦૨/૨૦૨૪**

**નર્મદા વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અનંતકુમાર પટેલ, વાંસદા**

**પ્રશ્ન :-** **નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | તા૩૧.૧૨.૨૦૨૩ ની. સ્થિતિ એ બાકી રકમ પૈકી રાજ્ય વાર વિવાદિત અને બિન વિવાદિત રકમ કેટલી છે? | ડૉ. દર્શનાબેન દેશમુખ (વસાવા), ગાંધીધામ |
| ૨ | તા૩૧.૧૨.૨૦૨૩. ની સ્થતિ એ રાજય વાર કઈ કઈ અને કેટલી રકમ વિવાદિત રકમ છે? | શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા |
| ૩ | છેલ્લા ત્રણ વર્ષ માં ભાગીદાર રાજયો પાસે થી કેટલી કેટલી રકમ પ્રાપ્ત થઈ? | શ્રી પ્રદ્યુમનસિંહ મહીપતસિંહ જાડેજા, અબડાસા |
| ૪ | વિવાદિત રકમ માં સામેલ બાબતો પૈકી પુન: સ્થાપન અને પુન વસવાટ ના ખર્ચ નો વિવાદ શું છે? | શ્રી મહેશભાઈ લાલજીભાઈ કસવાલા, સાવરકુંડલા |
| ૫ | વિવાદિત રકમ માં સામેલ બાબતો પૈકી વ્યાજ ખર્ચ ને લગતો વિવાદ શું છે? | શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ, બાલાસીનોર |

**અગ્રતાક્રમ :- ૨૦**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૩૪**
**નર્મદા વિભાગ**
**તા.૦૨/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (ડૉ. દર્શનાબેન દેશમુખ, ગાંધીધામ)**

- તા૩૧.૧૨.૨૦૨૩ ની. સ્થિતિ એ બાકી રકમ પૈકી રાજય વાર વિવાદિત અને બિન વિવાદિત રકમ કેટલી છે?

**જવાબ:**

- તા૩૧.૧૨.૨૦૨૩ ની. સ્થિતિ એ બાકી રકમ પૈકી રાજય વાર વિવાદિત અને બિન વિવાદિત રકમ જોઇએ તો...

| **રાજય** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ વિવાદીત રકમ** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ બિન વિવાદીત રકમ** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ કુલ રકમ (રકમ રૂ/. કરોડમાં)** |
|---|---:|---:|---:|
| મધ્યપ્રદેશ | ૩૧૨૨.૫૭ | ૨૧૦૨.૯૪ | ૫૨૨૫.૫૧ |
| મહારાષ્ટ્ર | ૧૪૭૯.૧૨ | ૨૯૯.૭૪ | ૧૭૭૮.૮૬ |
| રાજસ્થાન | ૫૪૩.૨૮ | ૨૮.૫૬ | ૫૭૧.૮૪ |
| **કુલ રકમ** | **૫૧૪૪.૯૭** | **૨૪૩૧.૨૪** | **૭૫૭૬.૨૧** |

**પેટા પ્રશ્ન ૨ (શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા)**

- તા૩૧.૧૨.૨૦૨૩. ની સ્થતિ એ રાજય વાર કઈ કઈ અને કેટલી રકમ વિવાદિત રકમ છે?

**જવાબ:**

- તા૩૧.૧૨.૨૦૨૩. ની સ્થતિ એ...

| **રાજય** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ રોકફીલ્ડ અને લીંક ચેનલનો ખર્ચ** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ પુન: સ્થાપન અને પુન: વસવાટનો ખર્ચ** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ એ વ્યાજ ખર્ચ *** | **તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ કુલ રકમ(કરોડમાં)** |
|---|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૧૨.૩૨ | ૮૭૬.૪૫ | ૨૨૩૩.૮૦ | ૩૧૨૨.૫૭ |
| મહારાષ્ટ્ર | ૫.૮૪ | ૪૧૫.૧૬ | ૧૦૫૭.૧૨ | ૧૪૭૯.૧૨ |
| રાજસ્થાન | ૬.૬૯ | ૬૩.૩૪ | ૪૭૩.૨૫ | ૫૪૩.૨૮ |
| કુલ રકમ | ૨૪.૮૫ | ૧૩૫૪.૯૫ | ૩૭૬૫.૧૭ | ૫૧૪૪.૯૭ |

**પેટા પ્રશ્ન ૩ (શ્રી પ્રદ્યુમનસિંહ મહીપતસિંહ જાડેજા, અબડાસા)**

- છેલ્લા ત્રણ વર્ષ માં ભાગીદાર રાજ્યો પાસે થી કેટલી કેટલી રકમ પ્રાપ્ત થઇ?

**જવાબ:**

- છેલ્લા ત્રણ વર્ષ માં ભાગીદાર રાજ્યો પાસેથી...

| **અનુ.નં** | **વર્ષ** | **મધ્યપ્રદેશ** | **મહારાષ્ટ્ર** | **રાજસ્થાન** | **કુલ પ્રાપ્ત રકમ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૦૦.૦૦ | ૨૪.૭૦ | ૦૫.૦૦ | **૨૯.૭૦** |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૦૦.૦૦ | ૦૮.૪૦ | ૧૩.૦૩ | **૨૧.૪૩** |
| ૩ | ૨૦૨૩–૨૪ | ૦૦.૦૦ | ૩૪.૧૩ | ૦૯.૭૩ | **૪૩.૮૬** |
| **કુલ પ્રાપ્ત રકમ** | | **૦૦.૦૦** | **૬૭.૨૩** | **૨૭.૭૬** | **૯૪.૯૯** |

**પેટા પ્રશ્ન ૪ (શ્રી મહેશભાઈ લાલજીભાઈ કસવાલા, સાવરકુંડલા)**

- વિવાદિત રક્મ માં સામેલ બાબતો પૈકી પુન: સ્થાપન અને પુન વસવાટ ના ખર્ચ નો વિવાદ શું છે?

**જવાબ:**

- પુન:સ્થાપના અને પુન:વસવાટ ખર્ચ:-
  (તા.૩૧-૧૨-૨૦૨૩ના રોજ રૂા.૨૧૯૫.૦૭ કરોડ)

- ભાગીદાર રાજ્યોના મંતવ્ય અનુસાર સરદાર સરોવર પરિયોજનાના અસરગ્રસ્તો ના પુન:સ્થાપના અને પુન:વસવાટને લગતો ખર્ચ એન.ડબલ્યુ ડી.ટી. એવોર્ડની જોગવાઈઓ અનુસાર ગુજરાત સરકાર દ્વારા ભોગવવાનો રહે છે.

- ગુજરાત સરકારના મંતવ્ય મુજબ એન.ડબલ્યુ ડી.ટી. એવોર્ડની ક્લોઝ-૧૧ સબક્લોઝ-V (૧૨) મુજબ આ ખર્ચ ડેમ અને આનુષાંગિક ખર્ચની કૂલ કિંમતનો ભાગ હોઈ તમામ રાજ્યો વચ્ચે વહેંચણીપાત્ર ખર્ચ છે.

- વિવાદ નિવારણ અંગે સદરહું બાબતે ભારત સરકારશ્રીના એટર્ની જનરલ સમક્ષ એન.સી.એ. મારફતે રજુઆત કરવા અંગેની બાબત પ્રગતિ હેઠળ છે.

**પેટા પ્રશ્ન ૫ (શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ, બાલાસીનોર)**

- વિવાદિત રક્મ માં સામેલ બાબતો પૈકી વ્યાજ ખર્ચ ને લગતો વિવાદ શું છે?

**જવાબ:**

- **<u>વ્યાજ ખર્ચ:- (તા.૩૧-૧૨-૨૦૨૩ ના રોજ રૂ|.૧૬૧૮૦.૭૩ કરોડ)</u>**

- ભાગીદાર રાજ્યોના મંતવ્ય અનુસાર રાજ્ય-રાજ્ય વચ્ચે વ્યાજ ખર્ચ વહેંચવાની /ભોગવવાની કોઇ જોગવાઇ નથી.

- ગુજરાત સરકારના મંતવ્ય મુજબ, નિગમ દ્વારા પરિયોજનાના ખર્ચને પહોંચી વળવા માટે બજારમાંથી ઉછીના નાણાં મેળવવામાં આવે છે.જેને લીધે વ્યાજ ખર્ચ ભોગવવો પડે છે.વધુમાં ભાગીદાર રાજ્યો દ્વારા બાકી નીકળતી લ્હેણી રકમ ગુજરાત સરકારને સમયસર ન ચુકવવાને લીધે બજારમાંથી ઉછીની રકમ લેવી પડે છે.આથી વ્યાજ ખર્ચને પરિયોજનાનો ખર્ચ ગણી તમામ રાજ્યો વચ્ચે વહેંચણીપાત્ર ખર્ચ ગણવો જોઇએ.

- આ અંગે તા. ૧૯.૦૧.૧૫ના રોજ નિગમ કક્ષાએથી સચિવશ્રી,નર્મદા કંટ્રોલ ઓથોરીટીને પત્ર પાઠવીને નર્મદા કંટ્રોલ ઓથોરીટીની આગામી બેઠકની કાર્યસુચી માં સમાવેશ કરવા એજન્ડા નોટ મોકલી આપેલ છે. હાલમાં સંબંધિત બાબત NCA સમક્ષ પડતર છે.